**<u>માતરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ.માતર</u>**

**ક્રિમીનલ કેસ નં.૧૫૧–૨૦૨૬**

**આંક–**

**ગુનો : ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ...**

**–:: ચુકાદો ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ શિક્ષાપાત્ર ગુનો આચરેલો છે જેથી આરોપી વિરુધ્ધ ફરીયાદ આપેલી છે. આ ફરીયાદ સંદર્ભે પોલીસ સત્તાવાળાઓ તરફથી ગુનાની તપાસના અંતે આરોપી વિરુધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ શિક્ષાપાત્ર ગુનાનુ ચાર્ઝસીટ રજુ થતાં આરોપીને આ ગુનાની કાર્યવાહીનાં કામે હાજર રહેવા પ્રોસેસ કરતા આરોપી આજ રોજ અદાલતની ખાસ બેઠકમા હાજર થયેલા છે.

(૨) હાલની ફરીયાદના કામે આરોપીએ હાજર થઇ, આરોપી વિરુધ્ધ તહોમતનામુ ઘડી, આરોપીની આ ગુના સંદર્ભે પ્લી નોધતા આરોપીને આ ગુનો કબુલ હોવાનુ આરોપી જણાવે છે. ત્યાર બાદ ગુનો કબુલ કરવાની લેખીત પુરસીસ આપેલ છે. આરોપીની આ ગુનાની કબુલાત સંદર્ભેની પુરસીસ વંચાણે લેતા આરોપી તરફે એવી રજુઆત છે કે તે અભણ માણસ છે અને તે કાયદાથી અજ્ઞાન છે અને તેમની સામે આવા ગુનાની પ્રથમ ફરીયાદ છે અને ભવિષ્યમાં આવા કોઇ ગુનામાં સંડોવણી નહી થાય તેની તે પુરતી તકેદારી રાખશે અને તે ગરીબ માણસ છે અને તે તેમના કુંટુંબના એક માત્ર કમાનાર વ્યકિત છે અને તે તેમના કુંટુંબનુ ભરણપોષણ માંડ માંડ કરી શકે છે અને તે માટે કામ ધંધા અર્થે જવાનુ હોય, આર્થીક ઉપાર્ઝનના ભોગે આરોપીને કોર્ટ કાર્યવાહીમા નિયમિત હાજરી આપવામાં ઘણી અગવડો ઉભી થાય તેમ હોય તે આ ગુનાની કબુલાત કરવા માંગે છે અને સાથે સાથે રજુઆત કરેલ છે કે, તેઓ તેમના કુંટુંબના એક માત્ર કમાનાર વ્યકિત છે અને તેથી જો તેમને જેલની સજા કરવામાં આવે તો તેમના કુટુંબના ભરણપોષણ ઉપર અસર થાય તેમ છે અને આરોપીને થતી સજાની અસર તેના સમગ્ર કુંટુંબ ઉપર પડે તેમ હોય માત્ર દંડ ફરમાવવા અરજ કરેલ છે.

(૩) આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા આરોપી સ્વૈચ્છીક રીતે હાલનો ગુનો કબુલ કરવા માંગે છે અને તેમનો જવાબ લેતા, તેમા પણ આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરેલાનુ જણાઇ આવતુ હોય, રેકર્ડ આરોપીની કબુલાત પુરસીસમાં જણાવેલ કારણો ધ્યાને લેતા તથા આરોપીએ આચરેલ ગુનાનો પ્રકાર ધ્યાને લેતા તથા આ પ્રકારના કેસોનો કોર્ટમાં થયેલ ભરાવો ધ્યાને લેતા આ કેસ ચાલી જતા સમય લાગે તેમ હોય અને આ કેસ ચાલતા દરમ્યાન આરોપીએ કોર્ટમાં હાજર રહેવા તેમનો કામ ધંધો છોડીને આવવુ પડે તેમ હોવાનુ ધ્યાને લેતા અને આરોપીની કૌટુંબીક પરિસ્થીતિ અને સામાજીક સંજોગો ધ્યાને લેતા તથા આ કેસના સંજોગો ધ્યાને લેતાં તથા આરોપી સામે અગાઉ અન્ય કોઇ ગુના નોધાયેલ હોવાનુ ચાર્ઝસીટના કાગળો જોતા જણાતુ ના હોય અને આરોપી પાસેથી કબજે થયેલ મુદામાલનો જથ્થો ધ્યાને લેતાં હાલના આરોપીને કાયદામાં ફરમાવેલ સજા કરતા ઓછી સજા કરવા માટે વ્યાજબી સંજોગો રહેલા હોય, **નામદાર ગુજરાત ઉચ્ચ**

**અદાલત ધ્વારા ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ ઉપર પ્રસ્થાપિત થયેલ '' ગુજરાત રાજય વિરુધ્ધ નટવરચંદ હરચંદ ઠાકોર''** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૬૪ અન્વયે, ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ શિક્ષા પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને આરોપીને રૂા.૧૦૦/– (અંકે રુપીયા એક સો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે અને દંડની રકમ ન ભરે તો દિન–૦૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે કબજે કરેલ મુદામાલ વાહન/મોબાઈલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે બીનશરતી કાયમ રાખવામાં આવે અને અન્યથા અપીલ સમય વિત્યે સરકાર ખાલસા કરવો તથા બીન કિંમતી મુદામાલનો નિયમોઅનુસાર નાશ કરવો.

આ હુકમ આજ રોજ સ્પેશીયલ સીટીંગમાં મારી સહી કરી જાહેર કર્યો.

**તા.૧૪/૦૩/૨૦૨૬**<br>**માતર**

**(નરેન્દ્રકુમાર)**<br>**જયુડી.મેજી.ફ.ક.માતર.**<br>**જીજે.૦૧૪૪૦**